રજુ તારીખ ૧૪/૦૩/૨૦૧૯
દાખલ તારીખ ૧૪/૦૩/૨૦૧૯
ફેંસલ તારીખ ૩૦/૦૩/૨૦૨૬
સમયગાળો વર્ષ:૦૭ માસ:૦૦ દિન:૧૬

**<u>સુરતની શ્રમ અદાલત નં.૩ ના પ્રમુખ અધિકારીશ્રી કે.જી.પટેલ સાહેબ સમક્ષ.</u>**

**રીકવરી (સી–૨) અરજી નં.૧૯/૨૦૧૯**

**આંક–૪૨**

**અરજદાર:** **શ્રી જીતેન્દ્રકુમાર રતીલાલ દલવાડી**
ઠેકાણું : બી–૩૦૪, ન્યુ આશીર્વાદ ફ્લેટ, કોમલ સર્કલ,
બામરોલી રોડ, સુરત.
**C/o અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,**
રજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.

**વિરૂધ્ધ**

**સામાવાળા:** **(૧) મે. મેનેજર/ ડાયરેકટર શ્રી, ધ્રુવ મોટર્સ**
ઠેકાણું : નં.૯, જીવન ગંગા નગર, ઉધના મેન રોડ,
ઉધના, સુરત–૩૯૪૨૧૦.

**વિષય–** **<u>ધી આઈ. ડી. એકટ, ૧૯૪૭ની કલમ–૩૩ (સી) (૨) મુજબ રીકવરી અરજી.</u>**

**હાજર રહયા:–** અરજદાર તરફે : વિ.વ.શ્રી પી.આર.દેસાઈ
સામાવાળા તરફે : વિ.વ.શ્રી વાય.બી.રાઠોડ

## -: ચુકાદો :-

(૧) અરજદારે હાલની અરજી ધી આઈ.ડી. એકટ,૧૯૪૭ની કલમ-૩૩(સી)(ર) હેઠળ કરી અરજીમાં જણાવ્યા મુજબની બાકી લેણી રકમ રૂા.૭,૮૬,૩૪૦/- સામાવાળા પાસેથી વસુલ મેળવવા માટે કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, સામાવાળા સંસ્થાને ધી આઈ.ડી. એકટ, ફેકટરી એકટ, મીનીમમ વેજીસ એકટ, પી.એફ. એકટ, ઈ.એસ.આઈ. એકટ વિગેરે મજુર કાયદા લાગુ પડે છે અને તેનું પાલન કરવાની સામાવાળાની કાયદેસરની જવાબદારી છે. અરજદાર આ કામના સામાવાળા સંસ્થામાં એપ્રિલ- ૨૦૦૩ થી ઈન હાઉસ ટ્રેનર તરીકે ફરજો બજાવતા હતા. અરજદારને તેમની નોકરી દરમિયાન નોટીસ કે ઠપકો મળેલ નથી. અરજદાર કાયમી જગ્યાએ કાયમી કામદાર તરીકે કામ કરતા હતા. અરજદાર કામદાર જયારે નોકરીમાં દાખલ થયેલ ત્યારે ઓળખ પત્ર કે નિમણુંક પત્ર આપવામાં આવેલ ન હતા અને આ સિવાય અરજદારને સામાવાળાઓ દ્વારા હાજરી કાર્ડ, પગાર સ્લીપ, હકક રજા કાર્ડ વગેરે દાર્શનીક કોઈ પુરાવાઓ સામાવાળાઓ દ્વારા આપવામાં આવેલ ન હતા અને આમ છતાં અરજદાર તેમની ફરજો મુંગા મોઢે બજાવતા હતા. અરજદારને આ કામના સામાવાળા દ્વારા અરજદારની બાકી નીકળતી લ્હેણી રકમો માંગણી કરવા છતાં નિયત સમયમાં ચુકવેલ નથી જે રકમ કાયદા મુજબ મેળવવાનો અરજદારનો પ્રસ્થાપિત અધિકાર છે. આ રકમ ચુકવવાની સામાવાળાની કાયદેસરની જવાબદારી છે. જે રકમની માંગણી સામાવાળા સંસ્થા સમક્ષ વારંવાર કરવા છતાં ન આપતાં હાલની અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે. અરજદારની લ્હેણી રકમો બાકી પગાર (તા.૦૧/૫/૨૦૧૮ થી તા.૧૧/૬/૨૦૧૮ સુધીનો) રકમ રૂા.૨૧,૩૪૦/-, ઓવર ટાઈમની રકમ (રોજના ૪ કલાક લેખે ૩ વર્ષ) રકમ રૂા.૫,૪૦,૦૦૦/-,

નોટીસ પગાર (૧ માસનો) રકમ રૂા.૧૫,૦૦૦/–, બેકારી વળતરની રકમ (વર્ષ પાછળ ૧૫ દિવસ લેખે) રકમ રૂા.૧,૨૦,૦૦૦/–, બોનસની રકમ (૩ વર્ષની ૮.૩૩ લેખે) રકમ રૂા.૪૫,૦૦૦/– તેમજ હકક રજાની રકમ (૩ વર્ષની) રકમ રૂા.૪૫,૦૦૦/– મળી કુલ લ્હેણી રકમ રૂા.૭,૮૬,૩૪૦/– થાય છે. તેમ જણાવી આ કામના સામાવાળા અરજદારની કાયદેસરની લ્હેણી રકમ રૂા.૭,૮૬,૩૪૦/– ચુકવવામાં નિષ્ફળ ગયાનું ઠરાવી સદર રકમ અરજી તારીખથી ૧૨% વ્યાજ સહીત ચુકવી આપે તેવો હુકમ કરવા તેમજ અરજદારની લ્હેણી રકમની ગણતરી માટે સામાવાળા જરૂરી પત્રકો તથા દસ્તાવેજો રજુ કરે તેવો સામાવળાને હુકમ કરવા તેમજ આ વિવાદનું ખર્ચ રૂા.૫૦૦૦/– સામાવાળાઓ પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) આ કામે સામાવાળા તરફે આંક–૧૨ થી લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, અરજદારની અરજી ખરી નથી કાયદેસરની નથી અને તેમાં જણાવેલ ઈબારતો તેઓ સામાવાળાને કબુલ, મંજુર તથા બંધનકર્તા નથી. અરજદારની અરજીના પેરા નં.૧માં જણાવેલ હકીકતો અંગે તકરાર નથી. ત્યારબાદ આ કામના સામાવાળાએ તેઓના લેખિત જવાબમાં અરજદારની અરજીના પેરા નં.૨ થી પેરા નં.૫ ની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને ખરી હકીકતમાં જણાવેલ છે કે, અરજદાર/કામદાર તેઓ સામાવાળાની સંસ્થામાં તા.૧૧/૦૬/૨૦૧૮ સુધી કામ કરેલ પરંતુ અરજદારને અન્ય જગ્યાએ સારી નોકરી મળી જતા અરજદારએ સ્વૈચ્છાએ નોકરી છોડી દીધેલ અને અરજદાર સાથે વાતચીત થયા પ્રમાણે તમામ હકકો બદલ એક ઉચ્ચક રકમ આપવાનું નકકી કરેલ. જે લેવા સહમત થતા અરજદારને તા.૧૬/૦૬/૨૦૧૮ ના રોજ પોતાનો હિસાબ લઈ ગયેલ અને સમાધાન કમ રસીદ ઉપર સાક્ષીની હાજરીમાં સહી કરી પોતાના સામાધાન પ્રમાણેના નાણાં સાક્ષીની હાજરીમાં રૂા.૧,૪૫,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ

પિસ્તાળીસ હજાર પુરા) સમાધાન કમ રસીદ ઉપર સહી કરી લઈ ગયેલ હતા. ત્યારથી અરજદાર અને સામાવાળા સંસ્થાનો કામદાર તથા માલીક તરીકેના સંબંધોનો અંત આવેલ છે અને અરજદાર સમાધાન કરી નાણાં લઈ ગયેલ હોય અરજદારને આ અરજીમાં માંગેલ કોઈ પણ રકમ આપવા સામાવાળા સંસ્થા કાયદેસર રીતે જવાબદાર થતા નથી. કારણ કે અરજદારે પોતાની સ્વૈચ્છાએ નોકરી છોડેલ અને અરજદારએ પોતાના તમામ હકકો બદલ એક ઉચ્ચક રકમ લેવાનું નકકી કરેલ જે સામાવાળા સંસ્થાએ અરજદારને સાક્ષીની હાજરીમાં ચુકવી આપેલ હોય આ અરજીમાં જણાવેલ કોઈ પણ રકમ આપવા સામાવાળા જવાબદાર થતા નથ અને આ અરજીને એસ્ટોપલના નિયમોનો બાઘ નડતો હોય આ અરજી કાયદેસર રીતે ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. આ કામના અરજદારે ઓવરટાઈમના નાણાંની માંગણી કરેલ છે. સામાવાળા સંસ્થામાં કોઈપણ ઓવરટાઈમ કરાવવામાં આવતો નથી તેમજ અરજદારે નોટીસ પગારની માંગણી કરેલ છે. તેવો કોઈ પગાર અરજદારને મળી શકતો નથી કારણ કે અરજદારએ સ્વૈચ્છાએ પોતાની મરજીથી નોકરી છોડેલ અને ત્યારબાદ સમાધાન કરી નાણાં લઈ ગયેલ જે સંજોગોમાં અરજદારના ફુલ એન્ડ ફાઈનલ સમાધાનના કારણે અરજદારને તે પગાર પણ મળી શકતો નથી. તેમજ બેકારી વળતર, હકક રજા તથા બોનસની માંગણી કરેલ છે તે પણ અરજદારને મળી શકતા નથી કારણ કે અરજદારે સામાવાળા સંસ્થા સાથે ફુલ એન્ડ ફાઈનલ સમાધાન કરી સામાધાનમાં નકકી થયાં પ્રમાણેની રકમ લઈ સાક્ષીની હાજરીમાં સહી કરી સમાધાન કમ રસીદ આપેલ છે. તે સંજોગોમાં અરજદારની આ અરજીને એસ્ટોપલના નિયમનો બાઘ નડતો હોય આ અરજી કાયદેસર ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. ઉપર તમામ સંજોગોમાં અરજદારે સામાવાળા સંસ્થા સાથે સમાધાન કરી ફુલ એન્ડ ફાઈનલ સમાધાન પેટે નાણાં મેળવેલ હોય આ અરજી સામાવાળા સામે કાયદેસર

રીતે ચાલી શકતી નથી અને રદ થવાને પાત્ર છે. ઉપર સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની અરજદારની અરજીની અન્ય હકીકતો સામાવાળા સંસ્થાને કબુલ, મંજુર તથા બંધનકર્તા નથી.

(૩) સદર કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવા:–**

| **ક્રમ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક/ નિશાની** |
|---|---|---|
| ૧. | અરજદાર જીતેન્દ્રકુમાર રતીલાલ દલવાડીનું પુરાવાનું સોગંદનામું. | આંક–૫ |
| ૨. | અરજદાર જીતેન્દ્રકુમાર રતીલાલ દલવાડીનું વધુ સરતપાસનું સોગંદનામું | આંક–૧૫ |

**–: અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરવા:–**

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક/ નિશાની** |
|---|---|---|
| ૧. | સામાવાળા દ્વારા આપેલ ઓળખપત્રની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૧ |
| ૨. | સામાવાળાએ આપેલ ફેબ્રુઆરી–૦૯ ની પગારસ્લીપ તથા ૨૦૦૯–૨૦૧૦ના પી.એફ. સ્લીપની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૨ |
| ૩. | સને ૨૦૧૧–૨૦૧૨ તથા ૨૦૧૨–૨૦૧૩ ના પી.એફ. ની સ્લીપની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૩ |
| ૪. | અરજદારને સામાવાળા સંસ્થાના ડીલર મારૂતી સુઝુકી કંું તરફથી આપેલ બ્રોન્ઝ માસ્ટર સર્ટીફીકેટની ઝેરોક્ષ, ડિસેમ્બર–૨૦૧૩ | નિ.૬/૪ |
| ૫. | સામાવાળાએ આપેલ સેલેરી સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ, તા.૦૭/૦૮/૨૦૧૪ | નિ.૬/૫ |
| ૬. | સામાવાળાએ આપેલ સેલેરી સર્ટીફીકેટની ઝેરોક્ષ | નિ.૬/૬ |

| | | |
|---|---|---|
| | નકલ, સપ્ટેમ્બર–૨૦૧૭ | |
| ૭. | સંસ્થા ધ્વારા આપેલ ફોર્મ:૧૬ ની ઝેરોક્ષ નકલ, ૨૦૧૨–૧૩ | નિ.૬/૭ |
| ૮. | સંસ્થા ધ્વારા આપેલ ફોર્મ:૧૬ ની ઝેરોક્ષ નકલ, ૨૦૧૩–૧૪ | નિ.૬/૮ |
| ૯. | સંસ્થા ધ્વારા આપેલ ફોર્મ:૧૬ ની ઝેરોક્ષ નકલ, ૨૦૧૫–૧૬ | નિ.૬/૯ |
| ૧૦. | સંસ્થા ધ્વારા આપેલ ફોર્મ:૧૬ ની ઝેરોક્ષ નકલ, ૨૦૧૭–૧૮ | નિ.૬/૧૦ |
| ૧૧. | ઈ. એસ. આઈ સારવાર હેઠળ ગયેલ તે બાબતના ફોર્મની ઝેરોક્ષ, તા.૦૧/૧૨/૨૦૧૬ | નિ.૬/૧૧ |
| ૧૨. | ઈ. એસ. આઈ સારવાર હેઠળ ગયેલ તે બાબતના ફોર્મની ઝેરોક્ષ, તા.૧૯/૦૨/૨૦૦૭ | નિ.૬/૧૨ |
| ૧૩. | અરજદારના ટ્રાન્ઝેકશન ઈન્કવાયરી બાબતના પેપર્સની નકલો, ૨૦૧૨ થી ૧૮ | નિ.૬/૧૩ |
| ૧૪. | મારુતી ઉધ્યોગ લી. ધ્વારા અરજદારને ટ્રેનીંગ આપેલ તે બાબતના ટ્રેનીંગ રીપોર્ટની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૧૪ |
| ૧૫. | સામાવાળાએ આપેલ ડીસે–૧૩ તથા ફેબ્રુ–૧૩ ની પગાર સ્લીપની ઝેરોક્ષ. | નિ.૬/૧૫ |
| ૧૬. | સામાવાળાએ આપેલ ઓગષ્ટ–૨૦૧૪ની પગાર સ્લીપની ઝેરોક્ષ. | નિ.૬/૧૬ |
| ૧૭. | સામાવાળાએ આપેલ જુલાઈ–૧૭ તથા ઓગષ્ટ–૧૭ ની પગાર સ્લીપની ઝેરોક્ષ. | નિ.૬/૧૭ |
| ૧૮. | સામાવાળાએ આપેલ મે–૧૭ તથા જુન–૧૭ની પગાર સ્લીપની ઝેરોક્ષ. | નિ.૬/૧૮ |
| ૧૯. | સામાવાળાએ આપેલ માર્ચ–૧૭ તથા એપ્રિલ–૧૭ ની પગાર સ્લીપની ઝેરોક્ષ. | નિ.૬/૧૯ |
| ૨૦. | અરજદારને નોકરીમાંથી છુટા કરવામાં આવતાં સરકારી શ્રમઅધિકારી, સુરતને કરેલ ફરિયાદની ઝેરોક્ષ નકલ, | નિ.૬/૨૦ |

| | | |
|---|---|---|
| | તા.૧૩/૦૮/૨૦૧૮ | |
| ૨૧. | ગ્રેજ્યુઈટી મેળવવા શ્રમ આયુકતશ્રીને કરેલ ફરીયાદ ફોર્મ 'આઈ' ની ઝેરોક્ષ નકલ, તા.૧૧/૦૯/૨૦૧૮ | નિ.૨૩/૧ |
| ૨૨. | ગ્રેજ્યુઈટી મેળવવા સામાવાળા સંસ્થાને મોકલેલ ફોર્મ 'એન' ની ઝેરોક્ષ નકલ, તા.૧૧/૧૦/૨૦૧૮ | નિ.૨૩/૨ |
| ૨૩. | સરકારી શ્રી શ્રમ આયુકત સુરતને કરેલ ફરીયાદની ઝેરોક્ષ નકલ, તા.૧૩/૦૮/૨૦૧૮ | નિ.૨૩/૩ |

(૪) આ કામે અરજદાર તરફે આંક–૮, આંક–૨૪ થી પુરાવા બંધ પુરસીસ રજુ કરેલ છે.

(૫) સદર કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: સામાવાળા તરફે રજુ થયેલ મૌખિક પુરવા:–**

| **ક્રમ** | **મૌખિક પુરાવાની વિગત** | **આંક/નિશાની** |
|---|---|---|
| ૧. | સામાવાળા તરફે સાહેદ વિકાસ કિશોરભાઈ ચૌહાણની એફીડેવીટ ઉપર જુબાની. | આંક–૨૮ |
| ૨. | સામાવાળા તરફે ધર્મેશ દિલીપભાઈ સાદડીવાલાની એફીડેવીટ ઉપર જુબાની. | આંક–૩૦ |

**–: સામાવાળા તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરવા:–**

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક/નિશાની** |
|---|---|---|
| ૧. | અરજદારે રાજીનામું આપી નાણાં સ્વીકાર્યાની પહોંચ અસલ, તા.૧૬/૦૬/૨૦૧૮ | નિ.૨૧/૧ |
| ૨. | સંસ્થાના કામદારોને બોનસ ચુકવણી કરેલ તેનું એબસ્ટ્રેકટ, ૨૦૧૫–૧૬ | નિ.૩૯/૧ |
| ૩. | સંસ્થાના કામદારોને લીવ એન્કેસમેન્ટ આપેલ તેનું એબ્રસ્ટ્રેકટ, ૨૦૧૫–૧૬ | નિ.૩૯/૨ |
| ૪. | સંસ્થાના કામદારોને લીવ એન્કેસમેન્ટ આપેલ તેનું | નિ.૩૯/૩ |

| | | |
|---|---|---|
| | એબ્સ્ટ્રેકટ, ૨૦૧૬–૧૭ | |

(૬) આ કામે સામાવાળા તરફે આંક–૩૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૭) આ કામે અરજદાર તરફે આંક–૩૪ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જે ધ્યાને લીધેલ છે.

(૮) આ કામે સામાવાળા તરફે આંક–૪૦ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જે ધ્યાને લીધેલ છે.

(૯) આ કામે હાલની અરજીના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દાઓ</u> :–**

| | |
|---|---|
| ૧. | શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે? |
| ૨. | શું હુકમ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં. |
| ૨. | આખરી હુકમ મુજબ. |

**//કારણો//**

(૧૧) **<u>મુદ્દા નં.૧</u> :–**

સદર કામે મુદ્દા નં.૧ પરત્વે જોવામાં આવે તો, અરજદારે હાલની અરજી ધી આઈ.ડી.એકટ,૧૯૪૭ ની કલમ–૩૩(સી)(૨) અન્વયે કરેલ હોઈ જે અત્રે ધ્યાને લેવી જરૂરી જણાતી હોઈ જે નીચે મુજબ છે.

**Section.33C(2) :-** Where any workman is entitled to receive from the employer any money or any benefit which is capable of being

computed in terms of money and if any question arises as to the amount of money due or as to the amount at which such benefit should be computed, then the question may, subject to any rules that may be made under this Act, be decided by such Labour Court as may be specified in this behalf by the appropriate Government [within a period not exceeding three months]:

[Provided that where the presiding officer of a Labour Court considers it necessary or expedient so to do, he may, for reasons to be recorded in writing , extend such period by such further period as he may think fit.]

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં કોઈ કામદાર, માલિક પાસેથી કોઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય એવા કોઈ લાભ મેળવવા હકકદાર હોય, ત્યારે તેવી લેણી રકમ અંગે અથવા ગણતરી કરતા થતી એવા લાભની રકમ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્નનો નિર્ણય મજુર અદાલત કરી શકે છે. આ કામના અરજદારે હાલની આ અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩ (સી) (૨) હેઠળ દાખલ કરેલ છે. આ કલમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, કોઈ કામદારની માલિક પાસે કોઈ રકમ અથવા નાણાંમાં ગણતરી કરી શકાય તેવી કોઈ રકમ મેળવવા હકકદાર થતા હોય તેનો અર્થ એ થાય કે અરજદારને કોઈ લેણી રકમ મેળવવા પૂર્વ પ્રસ્થાપિત હકક કે અધિકાર હોવો જોઈએ. જયાં સુધી આ રીતે કોઈ પૂર્વ પ્રસ્થાપિત હકક કે અધિકાર સાબિત ન કરે તો તેઓને આઈ.ડી.એકટની કલમ–૩૩ (સી) (૨) હેઠળ આવી અરજી કરવાનો હકક રહેતો નથી. આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) મુજબ કોઈપણ કામદાર ત્યારે જ અરજી કરી શકે જયારે તેમની માંગણી મુજબની રકમ સંસ્થા પાસેથી લેણી રકમ મેળવવા કોઈ હકક પૂર્વ પ્રસ્થાપિત હોય કે કોર્ટના હુકમ કે નિર્ણયથી પ્રાપ્ત થયેલ હોય. મજુર અદાલતને હુકમ મુજબ એકઝેકયુટીંગ કોર્ટ તરીકે હુકમની અમલવારી

કરવાની સત્તા રહેલ છે, પંરતુ કોઈ નવો હકક પ્રસ્થાપિત કરવાની સત્તા રહેલ નથી. આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(ર) હેઠળ અરજી કરતા પહેલા અરજદારે માંગ્યા મુજબની લેણી રકમ મેળવવા તેઓને પૂર્વ પ્રસ્થાપિત હકક કે અધિકાર છે તે હકીકત અરજદારે પુરવાર કરવી જોઈએ. આ પ્રસ્થાપિત હકક કે અધિકાર કોઈ હુકમ કે એવોર્ડ દ્બારા પ્રસ્થાપિત થયેલો હોવો જોઈએ.

**(૧ર)** આ કામે અરજદારે હાલની અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(ર) મુજબ દાખલ કરી અરજદારને આ કામના સામાવાળા ધ્વારા અરજદારની બાકી નીકળતી લ્હેણી રકમો માંગણી કરવા છતાં નિયત સમયમાં ચુકવેલ નથી જે રકમ કાયદા મુજબ મેળવવાનો અરજદારનો પ્રસ્થાપિત અધિકાર હોવાનું તેમજ આ રકમ ચુકવવાની સામાવાળાની કાયદેસરની જવાબદારી છે, જે રકમની માંગણી સામાવાળા સંસ્થા સમક્ષ વારંવાર કરવા છતાં ન આપતા આ અરજી દાખલ કરવાની ફરજ પડેલ હોવાનું જણાવી બાકી પગાર (તા.૦૧/૦૫/ર૦૧૮ થી તા.૧૧/૦૬/ર૦૧૮ સુધીનો) રૂા.ર૧,૩૪૦/–, ઓવર ટાઇમની રકમ (રોજના ૪ કલાક લેખે ૩ વર્ષ) રૂા.૫,૪૦,૦૦૦/–, નોટીસ પગાર(માસનો) રૂા.૧૫,૦૦૦/–, બેકારી વળતરની રકમ (વર્ષ પાછળ ૧૫ દિવસ લેખે) રૂા.૧,ર૦,૦૦૦/–, બોનસની રકમ(૩ વર્ષની ૮.૩૩ લેખે) રૂા.૪૫,૦૦૦/– તથા હકક રજાની રકમ (૩ વર્ષની) રૂા.૪૫,૦૦૦/– કુલ લ્હેણી રકમ રૂા.૭,૮૬,૩૪૦/– ની માંગણી કરેલ છે.

જયારે સામાવાળાએ તેઓના લેખિત જવાબમાં એવી તકરાર લીધેલ છે કે, ''અરજદાર સામાવાળાની સંસ્થામાં તા.૧૧/૦૬/ર૦૧૮ સુધી કામ કરેલ પરંતુ અરજદારને અન્ય જગ્યાએ સારી નોકરી મળી જતા અરજદારે સ્વૈચ્છાએ નોકરી છોડી દીધેલ અને અરજદાર સાથે વાતચીત થયા પ્રમાણે તમામ હકકો બદલ અને ઉચ્ચક રકમ આપવાનું નકકી કરેલ. જે લેવા સહમત થતા અરજદારને

તા.૧૬/૦૬/૨૦૧૮ના રોજ પોતાનો હિસાબ લઈ ગયેલ અને સમાધાન કમ રસીદ ઉપર સાક્ષીની હાજરીમાં સહી કરી પોતાના સમાધાન પ્રમાણેના નાણાં સાક્ષીની હાજરીમાં રૂા.૧,૪૫,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પીસ્તાલીસ હજાર પુરા સમાધાન કમ રસીદ ઉપર સહી કરી લઈ ગયેલ હતા. ત્યારથી અરજદાર અને સામાવાળા સંસ્થાનો કામદાર તથા માલિક તરીકેના સંબંધોનો અંત આવેલ છે અને અરજદાર સમાધાન કરી નાણાં લઈ ગયેલ હોય અરજદારે આ અરજીમાં માંગેલ કોઈ પણ રકમ આપવા સામાવાળા સંસ્થા કાયદેસર રીતે જવાબદાર થતા નથી.''

(૧૨/૧) આમ, બંને પક્ષકારો તરફેની ઉપરોકત તકરાર ઘ્યાને લઈ પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો આ કામે અરજદારે આંક–૫ થી મૌખિક પુરાવા રૂપે એફીડેવીટ તેમજ આંક–૧૫ થી વધુ સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં અરજદારે તેઓની અરજી મુજબની હકીકતો દોહરાવેલ હોઈ અને સામાવાળા તરફે રજુ કરેલ જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ હોઈ પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી તે અત્રે નોંધવામાં આવેલ નથી. આ કામે અરજદારની સામાવાળા તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

''આ અરજી મેં મારા પગાર, હકક રજા, બોનસ, ઈન્સેન્ટીવ, પી.એફ.ના નીકળતા નાણાં મેળવવા માટે કરેલ છે. આ અરજી સિવાય નામદાર કોર્ટમાં અન્ય કોઈ કેસ કરેલ નથી. આ અરજીમાં જે નાણાંની માંગણી કરેલ છે તે નાણાં અંગેનો કોઈ હુકમ અગાઉ થયેલ નથી. આ અરજી કરવા માટે લેબર ઓફીસર કે લેબર કમિશનર પાસેથી ડાયરેકશન મેળવેલ છે કે કેમ તે મને યાદ નથી. હું સહી કરુ છુ. એ વાત ખરી છે કે, હું જયારે સંસ્થામાં નોકરી કરતો હતો ત્યારે મારી સાથે વિકાસ ચૌહાણ અને ધર્મેશ સાદડીવાલા નોકરી કરતા હતા. આંક–૨ વાળુ વકિલપત્ર મને બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છુ કે તેમાં મારી સહી છે. આંક–૧ ની

અરજીમાં પણ મારી સહી છે. આંક–૫ અને આંક–૧૫ ની જુબાનીમાં પણ મારી સહી છે.

સવાલ: તા.૧૬/૦૬/૨૦૧૮ ના રોજ તમે સાક્ષીની હાજરીમાં રૂા.૧,૪૫,૦૦૦/– લઈને સમાધાન કરીને છુટા થયેલા અને તમે સમાધાનની પહોંચમાં સહી કરેલી ?

જવાબ : આવી કોઈ પહોંચમાં મેં સાક્ષીની હાજરીમાં સહી કરી નથી.

એ વાત ખરી છે કે, આ અગાઉ મેં ગ્રેજયુઈટીનો કેસ કરેલો. એ વાત ખરી છે કે, મેં સમાધાન બાબતે કોઈ વિવાદ ઉપસ્થિત કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મે સમાધાન કરેલ જ નથી જેથી વિવાદ ઉપસ્થિત કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ વાત ખરી નથી કે, સમાધાન પેટે પુરપુરો નાણાં લઈ જવા છતાં ખોટી અરજી કરેલ છે. ''

**(૧૨/૨)** આ કામે સામાવાળા તરફે વિકાસ કિશોરભાઈ ચૌહાણની આંક–૨૮ થી એફીડેવીટ ઉપર જુબાની રજુ થયેલ કરેલ છે. જેમાં સદર સાહેદે સામાવાળા તરફે રજુ થયેલ લેખિત જવાબ મુજબની મુખ્યત્વે હકીકતો દોહરાવેલ છે જેથી પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી તે અત્રે નોંધવામાં આવેલ નથી. આ કામે સામાવાળા તરફેના ઉપરોકત સાહેદની અરજદાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

''હું ધ્રુવ મોટર્સમાં તા.૦૮/૦૩/૨૦૦૪ થી નોકરી કરુ છું અને તા.૧/૧૦/૨૦૧૪ થી ટ્રુ વેલ્યુ મેનેજર તરીકે ફરજ બજાવું છું. સંસ્થાએ મને નિમણુંક પત્ર, આઈકાર્ડ આપેલ છે. હું નિમણુંક પત્ર રજુ કરીશ. હું અરજદાર જીતેન્દ્રભાઈ રતિલાલ દલવાડીને ઓળખું છું તેઓ વર્કશોપમાં કામ કરતા હતા. મને સામાવાળા તરફે રજુ કરેલ લેખિત જવાબ બતાવવામાં આવે છે તેમાં એચ.આર મેનેજર રોની પટેલની

સહી છે. લેખિત જવાબમાં શું લખેલ છે તેની મને જાત માહીતી નથી. તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજના બનાવથી હું માહીતગાર છું.

સવાલ– શું થયેલું?

જવાબ– જયારે બનાવ થયો ત્યારે મને સાક્ષી તરીકે સહી માટે એચ.આરની કેબીનમાં સહી માટે બોલાવવામાં આવેલો ત્યારે અમે બે જણા હતા જેમાં ધર્મેશ સાદડીવાલાને પણ સાક્ષી તરીકે બોલાવવામાં આવેલા. જે પતાવટ(સમાધાન)માં મારી પણ સહી કરાવેલી.

મને નિ.૨૧/૧ વાળી પહોંચ બતાવવામાં આવે છે તે જોઈને કહું છુ કે તે પ્રિન્ટેડ ફોર્મ છે. નિ.૨૧/૧ વાળી પહોંચમાં મારી હાજરીમાં લખાણ કરવામાં આવેલ હતું. નિ.૨૧/૧ વાળી પહોંચમાં અક્ષર રોનીભાઈના છે. કાયદેસરના નાણાંમાં કયાં કયાં હકકોના નાણાં તેની મને ખબર નથી, એચ.આર મેનેજરને ખબર હશે. અમારે ત્યાં કામ કરતા કામદારોના ફોર્મ–૧૬ ભરાય છે.

સવાલ– ફોર્મ–૧૬માં જે આખા વર્ષની આવક બતાવેલ છે તેમાં જે આખા વર્ષનો પગાર બતાવ્યો છે તેમાં અને જે માસિક સેલેરી સ્લીપ છે તેમાં ફરક છે?

જવાબ– તેની મને ખબર નથી. એકાઉન્ટ ડીપાર્ટમેન્ટને ખબર હોય.

અરજદાર સ્વેચ્છાએ રાજીખુશીથી જતા રહેલા. એ વાત ખરી છે કે, હું હાલમાં પણ સંસ્થામાં કામ કરું છું. એ વાત ખરી છે કે, સંસ્થાના માલિક જે કંઈ આદેશ, સુચના આપે તે પ્રમાણે મારે વર્તવું પડે.

સવાલ– જીતેન્દ્રભાઈ દલવાડી ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી નોકરી કરતા હતા?

જવાબ– કયારે નોકરી છોડી તે મને હાલ યાદ નથી. મને સાક્ષી તરીકે બોલાવવામાં આવેલો.

સવાલ– તમને સાક્ષી તરીકે બોલાવવામાં આવેલ અને તમને સાક્ષી તરીકે સહી કરવાનું કહેતા તમે સહી કરેલી?

જવાબ– જયારે અમને બોલાવવામાં આવ્યા હતા અને સાક્ષી તરીકે અમારી સહી કરાવી હતી જે પણ નકકી થઈ હોય એમનું તે કાગળ પર અમે સહી કરી હતી.

સવાલ– શું નકકી થયેલું?

જવાબ– એમને પૈસા આપવામાં આવેલા.

સવાલ– તમે ૨૦૧૫ થી ૨૦૧૮ના હાજરી પત્રક, પગાર પત્રક રજુ કરશો?

જવાબ– એ કામ એકાઉન્ટ ડીપાર્ટમેન્ટનું અને એચ.આર મેનેજરનું છે.

એ વાત ખરી નથી કે સંસ્થાએ મને કહયું એટલે ખોટી જુબાની આપું છું.''

**(૧૨/૩)** આ કામે સામાવાળા તરફે ધર્મેશ દિલીપભાઈ સાદડીવાલાની આંક–૩૦ એફીડેવીટ ઉપર જુબાની રજુ કરેલ છે. જે એફીડેવીટ પરની જુબાનીઓમાં સાહેદે સામાવાળા તરફે રજુ થયેલ જવાબની હકીકતો જુબાનીમાં દોહરાવેલ હોય પુનરાવર્તનનો દોષ ટાળવાના હેતુથી અત્રે નોંધવામાં આવેલ નથી. આ કામે સામાવાળાના ઉપરોકત સાહેદની અરજદાર તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

''હું જાન્યુઆરી–૨૦૦૬ માં ધ્રુવ મોટર્સમાં નોકરીમાં સેલ્સ એકઝીકયુટર તરીકે નોકરીમાં જોડાયેલ હતો. મારી સને–૨૦૧૦–૧૧ માં પ્રમોશન મળતા કસ્ટમર કેર મેનેજર તરીકે બઢતી થયેલ. હું તા.૩૧/૧૨/૨૦૨૦ ના રોજ રાજીખુશીથી નોકરીમાં થી છુટો થયેલ. સંસ્થાએ મને આઈ કાર્ડ અને નિમણૂંક પત્ર આપેલ. હું સને–૨૦૨૦ માં નોકરીમાંથી છુટો થયેલ હોય આઈ કાર્ડ અને નિમણૂંક પત્ર મારી પાસે છે કે કેમ તે મારે શોધવું પડશે અને મળશે તો હું રજુ કરીશ. હું આ કામના અરજદાર જીતેન્દ્ર રતીલાલ દલવાડીને ઓળખું છુ. અરજદાર વર્કશોપ ડીપાર્ટમેન્ટમાં મીકેનીકલ તરીકે નોકરી કરતા હતા. અરજદાર નોકરીમાં કયારે જોડાયેલ તે મને યાદ નથી. અરજદારે સને–૨૦૧૮ માં નોકરી છોડેલ હતી.

સામાવાળાએ આ કામે આંક–૧૨ થી જે જવાબ રજુ કરેલ છે તેમાં એચઆર મેનેજરની સહી છે. મને સામાવાળાએ જે જવાબ રજુ કરેલ છે તેની માહીતી છે જેમાં અરજદારની ગ્રેજયુઈટી બાબતેની હિસાબની હકીકત જણાવેલી છે અને અરજદારની ગ્રેજયુઈટીનો હીસાબ મારી હાજરીમાં થયેલ હોવાનું જણાવેલ છે.

સવાલ: તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ શું બનેલું તેની ખબર છે ?

જવાબ: તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ શું બનેલ તેની મને ચોકકસ માહિતી નથી.

હાલ સામાવાળા સંસ્થાના માલિક નયનભાઈ ઈંટવાલા છે. સને–૨૦૧૮ માં સામાવાળા સંસ્થા ભાગીદારી પેઢી હતી તે વખતે કુલ કેટલા ભાગીદાર હતા તેની મને ખબર નથી પરંતુ કર્તા હર્તા તરીકે નયનભાઈ ઈંટવાલા જ હતા.

સવાલ: તમે જે જીતેન્દ્રભાઈના હિસાબની વાત કરી તેની તમને જાત માહિતી છે ?

જવાબ: હા, તે દિવસે હું, વિકાસભાઈ અને બીજા એચઆર મેનેજર કેબિનમાં બેસીને જીતેન્દ્રભાઈ સાથે હિસાબ કરતા હતા.

હિસાબ કઈ તારીખે કરતા હતા તેની તારીખ મને ચોકકસ યાદ નથી પણ જુન–૨૦૧૮ નો મહીનો હતો.

સવાલ: તમે સામાવાળાએ કહયું એટલે જુબાની આપવા આવેલ છો ?

જવાબ: હું જુન–૨૦૧૮ માં હિસાબ ચાલતો હતો ત્યારે ત્યાં હાજર જ હતો તદૃઉપરાંત હું જયારે કંપનીમાં કામ કરતો હતો ત્યારે કંપનીના લીગલ કોઈ પણ કેસ હોય તો મને ત્યાં હાજર રહેવાની પરવાનગી હતી.

સવાલ: હિસાબમાં શું નકકી થયેલું તેની તમને ખબર છે ?

જવાબ: હું અને વિકાસ ત્યાં હાજર હતા અને ત્યારે જિતેન્દ્રભાઈ અને એચઆર મેનેજર વચ્ચે અરજદારના ગ્રેજયુઈટી બાબતનો હિસાબ ચાલુ હતો.

એ વાત ખરી નથી કે સંસ્થાના કહેવાતી હું ખોટી જુબાની આપુ છુ.''

(૧૩) આમ, ઉપરોકત બંને પક્ષકારો તરફેની તકરાર ઘ્યાને લઈ બંને પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈ ચર્ચા કરવામાં આવે તો આ કામે અરજદારે

તેઓની અરજીમાં ''તેઓ જયારે દાખલ થયેલ હતા ત્યારે તેઓને નિમણુંકપત્ર આપવામાં આવેલ ન હતો અને તેઓને હાજરીકાર્ડ, પગારસ્લીપ, હકકરજાના કાર્ડ, ઓવર ટાઈમનો ડબલ પગાર તથા અન્ય મળવાપાત્ર હકકો તથા પુરાવાઓ આપવામાં આવતા ન હતા અને જેથી તેઓએ તેની માંગણી સામાવાળા સમક્ષ કરતા સામાવાળાએ તેઓને મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલા છે.'' તેવું જણાવેલ નથી. તેમજ અરજદારે આ કામે નિ.૬/૨૦ થી રજુ કરેલ તા.૧૩/૮/૨૦૧૬ની નાયબ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ કરેલ ફરીયાદમાં પણ તેવી કોઈ હકીકત જણાવેલ નથી, પરંતુ સૌ પ્રથમ તેઓની આંક–પની મૌખિક પુરાવા રૂપે એફીડેવીટમાં જણાવેલ છે. જયારે સામાવાળાએ અરજદારે સ્વૈચ્છાએ નોકરી છોડી દીધેલ હોવાનું તેમજ અરજદાર સાથે વાતચીત થયા પ્રમાણે તમામ હકકો બદલ એક ઉચ્ચક રકમ આપવાનું નકકી કરેલ જે લેવા સહમત થતા અરજદાર તા.૧૬/૬/૨૦૧૮ નારોજ પોતાનો હિસાબ લઈ ગયેલ હોવાનું જણાવેલ છે. આમ, બંને પક્ષકારો તરફેની તકરાર અંગે જોવામાં આવે તો હાલની અરજી અરજદારે આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) હેઠળ કરેલ છે અને હાલની અરજીના કામે અરજદારને ગેરકાયદેર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ છે કે અરજદાર સ્વૈચ્છાએ નોકરી છોડી ગયેલ છે તેનો ન્યાય નિર્ણય કરવાનો નથી, પરંતુ અરજદારે હાલની અરજીમાં જે લ્હેણી રકમની માંગણી કરેલ છે તે મેળવવાનો અરજદારનો ''પ્રિ–એકઝીસ્ટીંગ રાઈટ'' છે કે કેમ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

**(૧૪)** હવે અરજદારે જે બાકી પગાર (તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૮ સુધીનો) રૂા.૨૧,૩૪૦/– ની માંગણી કરેલ છે, જે અંગે જોવામાં આવે તો આ કામે અરજદારે તેઓનો છેલ્લે માસિક પગાર કેટલો હતો તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે તે અંગેની કોઈ હકીકત તેઓની અરજીમાં કે પુરાવાના સોગંદનામામાં

જણાવેલ નથી તેમજ જે રકમની માંગણી કરેલ છે તે કયા આધારે તેની ગણતરી કરેલ છે તેવી કોઈ ગણતરી અરજદારે હાલની અરજી સાથે રજુ કરેલ નથી. જયારે આ કામે સામાવાળા તરફે તેઓની આંક–૪૦ ની લેખિત દલીલમાં ''આ કામના અરજદારે પોતાની અરજીમાં તેઓનો બાકી પગાર તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૮ નો માંગેલ છે તે અંગે જણાવવાનું કે આ કામના અરજદારે આંક–૬ના લીસ્ટથી અમુક દસ્તાવેજો રજુ કરેલા અને તે દસ્તાવેજોમાં તેમની પાસબુકની નકલ રજુ કરેલ તેમાં તા.૦૮/૦૬/૨૦૧૮ અને તા.૦૭/૦૬/૨૦૧૮ માં તેઓને મે–૨૦૧૮ નો પગાર ચુકવી દેવામાં આવેલ તે સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ તેઓએ ખોટી રજુઆત કરેલ છે કે તેઓનો બાકી પગાર છે.'' જે અંગે આ કામે અરજદાર તરફે નિ.૬/૧૩ થી રજુ કરેલ તેઓના બેંકના A/c No. 051104000208932 ના ટ્રાન્ઝેકશન ઈન્કવાયરી બાબતના પેપર્સની જોતાં જેમાં તા.૦૭/૦૬/૨૦૧૮ના રોજ રૂા.૨,૩૫૦/– તેમજ તા.૦૮/૦૬/૨૦૧૮ના રોજ રૂા.૧૩,૧૩૯/– સેલેરી પેટે જમા થયેલ હોવાનું જણાય છે. જે જોતાં અરજદારને મે–૨૦૧૮નો પગાર મળી ગયેલ હોવાનું પુરવાર થાય છે. આમ, અરજદારને મે–૨૦૧૮નો પગાર મળી ગયેલ હોવા છતાં અરજદારે સત્ય હકીકત કોર્ટથી છુપાવેલ છે અને ચોખ્ખા હાથે આવેલા નથી. આમ, અરજદારે તેઓના પગાર અંગેનો કોઈ સબળ પુરાવો રજુ કરેલ નથી અને જે બાકી પગારની માંગણી કરેલ છે તે કયા આધારે ગણતરી કરેલ છે તેવો કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ તેમજ તેવી કોઈ ગણતરી અરજીમાં કે અલગથી ગણતરી અંગેનું અલગથી કોઈ પત્રક રજુ કરેલ નથી તેમજ અરજદારને મે–૨૦૧૮નો પગાર મળી ગયેલ હોવા છતાં સત્ય હકીકત કોર્ટ થી છુપાવેલ હોઈ અને ચોખ્ખા હાથે આવેલા ન હોઈ જેથી અરજદાર તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૮ સુધીનો પગાર રૂા.૨૧,૩૪૦/– સામાવાળા પાસેથી બાકી નીકળતો હોવાનું પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોઈ

અરજદારે બાકી પગારની જે માંગણી કરેલ છે તે હાલની અરજીના કામે મેળવવા હકકદાર થતા નથી.

**(૧૫)** હવે, અરજદારે જે ઓવર ટાઈમની રકમ (રોજના ૪ કલાક લેખે ૩ વર્ષ) ના રૂા.૫,૪૦,૦૦૦/- ની માંગણી કરેલ છે, તે સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે કે કેમ? તેની ચર્ચા કરવાની થાય છે. અરજદારની હાલની અરજી કલમ ૩૩(સી)(૨) ની જોગવાઈ મુજબની છે. આ કામે અરજદારે તેઓની અરજીમાં કે સોગંદપરની જુબાનીમાં ઓવર ટાઈમ અંગેના શું નિયમો હતા તેમજ તેઓએ કયા મહીનામાં અને કેટલા કલાક ઓવરટાઈમ કરેલ છે તે અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ ઓવર ટાઈમના નાણાં રૂા.૫,૪૦,૦૦૦/-ની ગણતરી કરેલ છે તે કયા આધારે કરેલ છે તેવી કોઈ ગણતરી રજુ કરેલ નથી કે તે અંગેનો પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ કામે અરજદારે નિ.૬/૨૦ થી તા.૧૩/૦૮/૨૦૧૬ના રોજ નાયબ શ્રમ આયુકતની કચેરી, સુરતમાં આપેલ ફરીયાદની નકલ જોવામાં આવે તો તેમાં પણ કયાંય ઓવર ટાઈમ કરાવવામાં આવતો હોવાનું કે ઓવર ટાઈમના નાણાંની કોઈ માંગણી કરેલ હોય તેવું જણાતું નથી. તેમજ અરજદારે તેઓની સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,''આ અરજીમાં જે નાણાંની માંગણી કરેલ છે તે નાણાં અંગેનો કોઈ હુકમ અગાઉ થયેલ નથી.'' આમ, અરજદારે જે ઓવર ટાઈમના નાણાંની માંગણી કરેલ તે અંગેનો કોઈ હુકમ, એવોર્ડ કે સામાવાળા સાથે સમાધાન થયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે અરજદાર તરફે રજુ કરેલ નથી. તે સંજોગોમાં અરજદાર ઓવર ટાઈમના નાણાં મેળવવાનો તેઓનો પ્રિ-એકઝીસ્ટીંગ રાઈટ હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય અરજદારે જે ઓવર ટાઈમના નાણાંની માંગણી કરેલ છે તે હાલની કલમ-૩૩(સી)(૨) હેઠળની અરજીના કામે મેળવવા હકકદાર થતા નથી.

(૧૬) આ કામે અરજદારે નોટીસ પગાર (૧ માસનો) રૂા.૧૫,૦૦૦/– તેમજ બેકારી વળતરની રકમ (વર્ષ પાછળ ૧૫ દિવસ લેખે) રૂા.૧,૨૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. જે અંગે જોવામાં આવે તો અરજદારની ગેરકાયદેસર છટણી કરવામાં આવેલ હોય ત્યારે જ નોટીસ પગાર તેમજ બેકારી વળતરની રકમ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. આ કામે અરજદારને ગેરકાયદેસર છુટા કરેલ છે કે કેમ? તેનો ન્યાય નિર્ણય હાલની અરજીના કામે થઈ શકે નહીં. આ કામે અરજદારની ગેરકાયદેસર રીતે છટણી કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે અરજદાર તરફે રજુ થયેલ નથી. જયારે આ કામે સામાવાળા તરફે અરજદાર સ્વૈચ્છાએ નોકરી છોડી ગયેલ હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં અરજદારને ગેરકાયદેસર છુટા કરેલ છે કે કેમ? તે તકરારી મુદ્દો છે જેનો નિર્ણય હાલની અરજીમાં કરી શકાય તેમ નથી. આમ, અરજદારે જે નોટીસ પગાર અને છટણી વળતરની માંગણી કરેલ છે તે અંગેનો કોઈ હુકમ, એવોર્ડ થયેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે અરજદાર તરફે રજુ કરેલ નથી. તે સંજોગોમાં અરજદારનો નોટીસ પગાર અને બેકારી વળતરના નાણાં મેળવવાનો પ્રિ–એકઝીસ્ટીંગ રાઈટ હોવાનું પુરવાર થતું નથી. જેથી અરજદારે જે નોટીસ પગાર અને બેકારી વળતરના નાણાંની માંગણી કરેલ છે તે હાલની કલમ–૩૩(સી)(૨) હેઠળની અરજીના કામે મેળવવા હકકદાર થતા નથી.

(૧૭) આ કામે અરજદારે બોનસની રકમ (૩ વર્ષની ૮.૩૩ લેખે) રૂા.૪૫,૦૦૦/– ની માંગણી કરેલ છે. જે અંગે જોવામાં આવે તો આ કામે અરજદાર તરફે નિ.૬/૧૩ થી રજુ કરેલ તેઓના બેંકના A/c No. 051104000208932 ના ટ્રાન્ઝેકશન ઈન્કવાયરી બાબતના પેપર્સની નકલો જોતાં જેમાં તા.૧૨/૧૧/૨૦૧૨ના રોજ ૨૦૧૨–૧૩ના વર્ષના રૂા.૭,૫૦૦/– તેમજ તા.૩૦/૧૦/૨૦૧૩ના રોજ ૨૦૧૩– ૧૪ના વર્ષના રૂા.૮,૫૦૦/– તેમજ તા.૨૧/૧૦/૨૦૧૪ના રોજ ૨૦૧૪–૧૫ના વર્ષના રૂા.૮,૫૦૦૦/– તથા તા.૨૬/૧૧/૨૦૧૬ના રોજ

રૂા.૧૧,૭૫૦/– બોનસ પેટે જમા થયેલ હોવાનું જણાય છે. આમ, અરજદારને બોનસ ચુકવવામાં આવતું હતુ તે નિર્વિવાદીત છે, પરંતુ આ કામે અરજદારે ૩ વર્ષના બોનસની રકમ રૂા.૪૫,૦૦૦/– ની જે માંગણી કરેલ છે તે કયા વર્ષના બાકી છે તેવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી તેની ગણતરી કયા આધારે કરેલ છે તે અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી અને તેવી કોઈ ગણતરી અરજદારે હાલની અરજીમાં કે અલગથી તેવી ગણતરી અંગેનું કોઈ પત્રક રજુ કરેલ નથી. તેમજ જે બોનસના નાણાંની માંગણી કરેલ છે તે અંગે કોઈ હુકમ, એવોર્ડ કે સમાધાન થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી અરજદારે જે બોનસની રકમની માંગણી કરેલ છે તે મેળવવા હકકદાર થતા નથી.

(૧૮) આ કામે અરજદારે હકકરજાની રકમ (૩ વર્ષની) રૂા.૪૫,૦૦૦/– જે અંગે જોવામાં આવે તો આ કામે અરજદારે તેઓની અરજીમાં કે સોગંદપરની જુબાનીમાં તેઓની કેટલી હકકરજા જમા હતી અને કેટલી હકકરજા ભોગવેલ હતી તેવી કોઈ સ્પષ્ટ હકીકત તેઓની અરજીમાં જણાવેલ નથી અને સીધે સીધી ૩ વર્ષની હકકરજાના નાણાં રૂા.૪૫,૦૦૦/– ની માંગણી કરેલ છે. વધુમાં આ કામે અરજદાર તરફે નિ.૬/૧૩ થી રજુ કરેલ તેઓના બેંકના A/c No. 051104000208932 ના ટ્રાન્ઝેકશન ઈન્કવાયરી બાબતના પેપર્સની નકલો જોતાં તા.૧૩/૧૦/૨૦૧૬ ના રોજ ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના રૂા.૫,૮૭૫/– હકકરજા પેટે જમા થયેલ હોવાનું જણાય છે. આમ, અરજદારને હકકરજાના નાણાં ચુકવવામાં આવતા હતા તે નિર્વિવાદીત છે, પરંતુ આ કામે અરજદારે ૩ વર્ષના હકકરજાની રકમ રૂા.૪૫,૦૦૦/– ની જે માંગણી કરેલ છે તે કયા વર્ષના બાકી છે તેવી કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી તેમજ તેની ગણતરી કયા આધારે કરેલ છે તે અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી અને તેવી કોઈ ગણતરી અરજદારે હાલની અરજીમાં જણાવેલ નથી કે અલગથી તેવી ગણતરી અંગેનું કોઈ પત્રક રજુ કરેલ નથી. તેમજ

જે હકકરજાના નાણાંની માંગણી કરેલ છે તે અંગે કોઈ હુકમ, એવોર્ડ કે સમાધાન થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. જેથી અરજદારે જે હકકરજાની રકમની માંગણી કરેલ છે તે મેળવવા હકકદાર થતા નથી.

આમ, ઉપરોકત વિગતે કરેલ ચર્ચાને ઘ્યાને લેતાં હાલના કામે અરજદારે જે માંગણી કરેલ છે તે કયા આધારે કરેલ છે તે અંગેના કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી તેમજ તેવી કોઈ ગણતરી અરજીમાં જણાવેલ નથી કે અલગથી તેવી ગણતરી અંગેનું કોઈ પત્રક રજુ કરેલ નથી. તેમજ જે નાણાંની માંગણી કરેલ છે તે અંગે કોઈ હુકમ, એવોર્ડ કે સમાધાન થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી. તે સંજોગોમાં અરજદાર અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા ન હોઈ **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

**૧.** અરજદારની હાલની રીકવરી (સી–ર) અરજી નં.૧૯/ર૦૧૯ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**ર.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે–માર્ચ સને–ર૦ર૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/ર૦ર૬
સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
Code No.GJ01285
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત નં.૩, સુરત.